| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૪–૧૦–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૪–૧૦–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૪–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૬ દિવસ ૧૭ |

**મે. રાણાવાવના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ શ્રી ની અદાલતમાં,**
**મું. રાણાવાવ.**

**ફોજદારી કેસ નં.૭૨૭/૨૦૨૫**
**આંક–૨૩.**

**હમીરભાઈ દેવાભાઈ ખુંટી**
ઉ.વ.૭૨, ધંધો: વેપાર,
રહે. શાકમાર્કેટની સામે, મેઈન રોડ,
આદીત્યાણા, તા.રાણાવાવ,
જી.પોરબંદર. ................ **ફરીયાદી.**

**વિ રૂ ઘ્ધ**

**રાજેશભાઈ નારણભાઈ કોટીયા**
ઉ.વ.પુખ્ત,ધંધો:વેપાર
રહે.:બાલવી આઈસ ફેકટરીની બાજુમાં,
વિરડી પ્લોટ, પોરબંદર. ................. **આરોપી.**

| | | |
|---|---|---|
| **ગુનો** | : | **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.** |

.........................................................................................................................

ફરીયાદ પક્ષ........તરફે : વિ.વકીલ શ્રી એમ.એ.મંધેરા.
બચાવ પક્ષ.......તરફે : વિ.વકીલ શ્રી જે. ડી. સલેટ.

.........................................................................................................................

॥ **ઠ રા વ** ॥

**(૧). પ્રસ્તાવના :–** આ કામ ના આરોપીએ લેણા પેટે આપેલ ચેક બેંક થી પરત થતા તેમજ નોટીસ માં જણાવ્યા મુજબની રકમ તેઓ એ સમય મર્યાદામાં નહી ચુકવતા ફરીયાદી દ્વારા નેગોશીએબલ ઈન્સટ્રુમેંટ એકટ ની કલમ–૧૩૮ અન્વયે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલત સમક્ષ **બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૩** અન્વયે ફરીયાદ દાખલ કરેલ છે.

**(૨). ફરીયાદ હકીકત :–** આ કામનાં ફરીયાદી તથા આરોપીને જુના સંબંધ અને મિત્રતા ના કારણે ફરીયાદી પાસેથી આરોપીએ રૂા.૭,૦૦,૦૦૦/– હાથ ઉછીના લીધેલ અને તેના બદલા માં ઈન્ડીયન ઓવરસીસ બેંક, પોરબંદર શાખા ખાતા નં.૦૪૫૯૦૧૦૦૦૦૧૭૭૨૬ નાં બે ચેક (૧). **રૂા.૪,૦૦,૦૦૦/– તા.૨૬/૧૨/૨૦૨૪** નો ચેક **નં. ૦૭૪૨૯૯** તથા (૨). **રૂા.૩,૦૦,૦૦૦/–, તા.૩૦/૦૮/૨૦૨૫** નો ચેક **નં.૦૭૪૩૦૦** વાળો આપેલ હતો અને તે ચેક પાસ થઈ જશે તેવા વચન અને વિશ્વાસ, ખાત્રી આપેલ હતી.

ત્યારબાદ ફરીયાદી ને આરોપીએ આપેલ બીજો ચેક નં. ૦૭૪૩૦૦ રકમ રૂા.૩,૦૦,૦૦૦/– ની નિયત મુદૃતે પોતાની બેંક ઓફ બરોડા, આદીત્યાણા શાખામાં જમા કરવા નાખતા તે ચેક ''**ફંડ અનસફીસીયન્ટ**'' ના શેરા સાથે **તા.૧૬/૦૯/૨૦૨૫** નાં રોજ વણ–ચુકવેલ પરત ફરેલ. આ અંગેની આરોપીને **તા.૨૨/૦૯/૨૦૨૫** નાં રોજ લીગલ નોટીશ રજી.એડી.થી મોકલેલ, જે આરોપીને **તા.૨૫/૦૯/૨૦૨૫** નાં રોજ મળી ગયેલ છે, તેમ છતાં આરોપીએ ફરીયાદીને ચેક વાળી રકમ નહીં ચુકવીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે.

**(૩). સદર ગુના નું સંજ્ઞાન :–** આ કામે અદાલત દ્વારા સદર ફરિયાદ અન્વયે ફરીયાદી, પુરાવા નું સોગંદનામુ તથા રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા હાલ ના આરોપીએ પ્રથમદર્શનીય ગુનો કરેલ હોવા નુ જણાઈ આવતા નેગોશીએબલ ઈંસ્ટ્રુમેંટ એકટ ની

કલમ−૧૩૮ મુજબના ગુના નું **બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ−૨૧૦** અન્વયે કોગ્નીઝન્સ લઈ તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ **બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ−૨૨૭** અન્વયે પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો.

**(૩.૧). આરોપી ની પ્લી :**−આરોપી ને સમન્સની બજવણી થતા તેઓ તેમના વકીલ શ્રી મારફતે હાજર થતા તેઓ ને સંહિતા ની જોગવાઈઓ મુજબ આરોપી ને ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવા ની નકલ વિના મૂલ્યે પુરી પાડેલ અને **બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ−૨૭૪** અન્વયે આરોપીને **આંક−૦૭** થી **આરોપીનો સારાંશ/પ્લી જણાવતા** આરોપી એ ગુન્હો કબુલવાનો ઈન્કાર કરતા સમરી ટ્રાયલ ના બદલે સમન્સ ટ્રાયલ થી ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**(૪). પુરાવો :−** આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબ નો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**−:મૌખિક પુરાવો:−**

| અનુ.નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૫ | હમીરભાઈ દેવાભાઈ ખુંટી | ફરીયાદી |

**−:દસ્તાવેજી પુરાવો :−**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૧ | અસલ ફરીયાદ |
| (૨) | ૦૮ | ચેક નં.૦૭૪૩૦૦, તા.૩૦/૦૮/૨૦૨૫ |
| (૩) | ૦૯ | બેંકનો ચેક રીટર્ન મેમો |
| (૪) | ૧૦ | આરોપીને મોકલેલ લીગલ નોટીસ |

| | | |
|---|---|---|
| (૬) | ૧૧ | આરોપીને નોટીશ મળી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી **આંક–૧૨** થી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૫). આરોપી નું વિષેશ નિવેદન :**– આ કામે રજુ પુરાવો જોતાં **બી.એન.એસ.એસ ની કલમ–૩૫૧** અન્વયે આરોપી નુ વિશેષ નિવેદન નોંઘેલ છે, જેમાં આરોપીએ પોતે આ કામે નિર્દોષ હોવાનું જણાવેલ અને પુરાવો રજુ રાખવા માંગતા નથી વિશેષમાં જણાવેલ છે કે, અમો એ કોઈ રકમ હાથ ઉછી ની લીઘેલ નથી કે રકમ ચુકવવા ચેક આપેલ નથી અમારો ચેક ગેર કાયદેસર મેળવેલ છે. આમ ફરીયાદી નો કોઈ કાયદેસર નો લેણું નથી તેમજ ફરીયાદી ની આર્થિક ક્ષમતા નથી કે તેમના કોઈ આવક અંગે ના પુરાવા રજુ કરેલ નથી.

**(૬). બચાવપક્ષ નો પુરાવો :–** આ કામે આરોપી તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**–:દસ્તાવેજી પુરાવો:–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૭ | પોરબંદરની ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટના ફોજદારી કેસ નં.૩૧૨/૨૦૧૯ ના કામના ફરીયાદીની સરતપાસના સોગંદનામાની નકલ |
| (૨) | ૧૮ | ઉકત ફોજદારી કેસમાં રજુ ચેકની ખરી નકલ |
| (૩) | ૧૯ | પોરબંદરની ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટના ફોજદારી કેસ નં.૩૧૧/૨૦૧૯ ના કામના ફરીયાદીની સરતપાસના સોગંદનામાની નકલ |
| (૪) | ૨૦ | ઉકત ફોજદારી કેસમાં રજુ ચેકની ખરી નકલ |

ત્યારબાદ આરોપીપક્ષ તરફથી **આંક–૨૧** થી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૭). દલીલ :**- આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક-૨૨** થી લેખિત દલીલ સાથે ચુકાદાઓ રજુ રાખેલ છે, જે કેસનો ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે. બચાવપક્ષે મોખિક દલીલ માં જણાવેલ છે કે ફરીયાદીનાં કહેવા પ્રમાણે આરોપી સાથે મિત્રતાના સંબંધો હોવાનું જણાવે છે પરંતુ ફરીયાદીએ જુબાની માં આરોપી કે તેમના સગાને ઓળખતા નથી અને ખેતીનો કોઈ પુરાવો ફરીયાદીએ રજુ રાખેલ નથી. ફરીયાદીએ ૧૦ વર્ષથી ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરે છે પરંતુ આઈ. ટી.આર. રજુ રાખેલ નથી. વધુમાં, ફરીયાદીએ લેણ દેણ થયેલ હતુ તે ૫-૬ વર્ષ પહેલાનું હતુ તેમજ રકમ કયારે આપેલ હતી તે સમય, વર્ષ, મહીનો યાદ નથી. રકમ થોડાક સમય માટે આપેલ હતી અને રકમ કયારે પરત આપવાની હતી તે જણાવેલ નથી. ફરીયાદીએ ખેતીની આવક બેંકમાં જમા કરવા અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. નેગો.એકટની કલમ-૧૩૯ મુજબ આર્થિક ક્ષમતા પુરવાર થયેલ ન હોય તો આરોપીની તરફેણમાં અનુમાન થવુ જોઈએ તેવુ નામદાર હાઈકોર્ટ તેઓના ચુકાદાઓમાં જણાવેલ છે. સિકયુરીટી પેટે નાગાજણ દેવા ખુંટીને આપેલ હતો તે ચેકનો કેસ હુકમ થયેલ હતો તે ચેક અને હાલનો તકરારી ચેકમાં રાઈટીંગ એકસરખી જણાવેલ છે. આમ, આ ચેકનો દુરૂપયોગ કરેલ છે અને ફરીયાદીની આર્થિક ક્ષમતા નથી તેમજ રોકડા તથા ચેકની રકમ નો ઈન્કમટેક્ષમાં જણાવતુ પડે પરંતુ આ અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી આ કામે આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**(૭). મુદદાઓ :**- આ કેસ માં રજુ પુરાવા તથા હકીકત ના આધારે આ અદાલત ના નિર્ણય સારૂ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદદાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષે એ હકિકત પુરવાર કરેલ છે કે આ કામના આરોપી એ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ અન્વયે નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૮). મુદદાના ના જવાબો :–** આ મુદદાના તારણો તથા કારણો ચુકાદા માં સવિસ્તાર જણાવેલા છે ઉપરોકત મુદદાના જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– **" હકાર માં "**

મુદ્દા નં.૨ :– **" આખરી હુકમ મુજબ. "**

**–:: કા ર ણો ::–**

**(૯). મુદદા નં. ૧ :–**

**(૯.૧).** આ કામ ના આરોપી એ ફરીયાદી ને જે બે ચેક આપેલ છે તે કાયદેસરના દેવા અને જવાબદારી ની પુરેપુરી કે અંશત: વસુલાત પેટે આપેલ છે તે મુજબનુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ (એ) મુજબનુ અનુમાન કાયદા મુજબ ફરીયાદી ની તરફેણમાં કરવાનુ રહેલ છે. આ અનુમાન નું ખંડન કરવાની જવાબદારી નો બોજો આરોપી ઉપર છે. આરોપીએ ફરીયાદપક્ષ ના પુરાવા ઉપર થી કે પોતે પુરાવો રજુ કરી ને તેમજ પુરાવા માં એવી શકયતા અને સંભાવના ઉભી કરવાની છે કે, ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતુ અનુમાનનુ ખંડન થાય જો આરોપી અનુમાન નું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો તેઓ વિરૂધ્ધ નો હુકમ થાય અને જો અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો તેઓ નિર્દોષ ઠરે આમ બંને પક્ષ માટે મહત્વ નો મુદ્દો છે.

**(૯.૨).** હવે, આ કામે **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮** મુજબના ગુન્હા નું તહોમત છે ત્યારે સદરહુ કાયદા ની કલમ–૧૩૮,૧૩૯ તથા ૧૧૮ (a) સમજવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**Sec - 138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account** – Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to anotherperson from out of that account for the discharge, in whole or inpart, of any debt or

otherliability, is returned by the bank unpaid,either because of the amount of money standing to the credit ofthataccount is insufficient to honour the cheque or that it exceeds theamount arranged to be paid fromthat account by an agreementmade with that bank, such person shall be deemed to havecommitted anoffence and shall, without prejudice to any otherprovision of this Act, be punished with imprisonment for [a termwhich may be extended to two years'], or with fine which may extend to twice the amount of thecheque, or with both:

**Provided that nothing contained in this section shall apply unless ;**

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the periodof its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the casemay be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque,[within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holderin due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**Explanation** — For the purposes of this section, " debt of other liability " means a legally enforceable debt or other liability."

**139. Presumption in favour of holder**- It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

**118. Presumptions as to negotiable instruments -** Until the contrary is proved, the following presumptions shall be made:-

<u>(a).*of consideration* :</u>- that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

<u>**(૯.૩). ફરીયાદપક્ષ નો પુરાવો :**</u>- આ કામે <u>**ફરીયાદી એ આંક-૦૫ ની સરતપાસ**</u> ના સોગંદનામા માં જણાવેલ છે કે, આ કામના આરોપીને હાથ ઉછીના રૂા.૭,૦૦,૦૦૦/- આપેલા અને તે લેણી રકમ પરત કરવા માટે આરોપી એ તેની ઈન્ડીયન ઓવરસીસ બેંક, પોરબંદર શાખાના બે ચેક આપેલ, જે પૈકી રૂા.૪,૦૦,૦૦૦/- નો ચેક નં.૦૭૪૨૯૯ વાળો ચેક ફરીયાદીએ પોતાની  બેંક ઓફ બરોડા, આદીત્યાણા શાખામાં જમા કરાવતા તે વણચુકવેલ પરત ફરેલ જે અંગેની ફરીયાદ નામદાર કોર્ટમાં પેન્ડીંગ રહેલ છે. જયારે બીજી રકમ રૂા.૩,૦૦,૦૦૦/- નો ચેક **નં.૦૭૪૩૦૦** વાળો ફરીયાદીએ પોતાની  બેંક ઓફ બરોડા, આદીત્યાણા શાખામાં જમા કરાવતા તે ચેક **તા.૧૬/૦૯/૨૦૨૫** નાં રોજ ''**ફંડ ઈન્સફીસીયન્ટ**'' નાં શેરા સાથે વણ-ચુકવેલ  પરત ફરેલ છે, જેથી ફરીયાદીએ આ કામના આરોપીને **તા.૨૨/૦૯/૨૦૨૫** નાં રોજ લીગલ નોટીશ આપેલ, જે **તા.૨૫/૦૯/૨૦૨૫** મળી ગયેલ હોવા છતાં આજદિન સુધી આરોપીએ ફરીયાદીની લેણી રકમની ચુકવણી કરેલ નથી.

_ આ કામના **ફરીયાદી એ ઉલટ તપાસ માં જણાવેલ છે કે,** હું બિલ્ડીંગ મટીરીયલ તથા ખેતીનો કામધંધો કરૂ છું. હું પાર્થ ટ્રેડર્સ નામથી આ વ્યવસાય કરુ છુ.બિલ્ડીંગ મટીરીયલથી હું માસીક રૂ. ૫૦ થી ૬૦ હજાર કમાવુ છુ. પાર્થ ટ્રેડર્સ આદીત્યાણા બાયપાસએ આવેલ છે.પાર્થ ટ્રેડર્સમાં હીસાબી ચોપડા રાખવામાં આવે છે. આ પાર્થ ટ્રેડર્સમાં મારા સિવાય એક માણસ રાખેલ છે. પાર્થ ટ્રેડર્સ જે જગ્યાએ આવેલ છે તે મારી માલીકીની છે. વધુમાં, **ફરીયાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે,** આ પાર્થ ટ્રેડર્સ તથા ખેતીકામના કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ રાખેલ નથી. હું ઈન્કમ ટેકસ ભરુ છુ જે છેલ્લા ૮-૧૦ વર્ષથી ભરૂ છુ.

કહેવાતી રકમનો વ્યવહાર ૫–૬ વર્ષ પહેલા થયેલ. ચોકકસ તારીખ, મહીનો અને વર્ષ કહી શકુ નહી. આરોપીને આ રકમ રોકડા આપેલા જે રકમ કટકે–કટકે અંતરાલમાં આપેલ. પહેલી વખત મે આરોપીને રોકડ રકમ રૂ. ૪ લાખ આપેલી ત્યારબાદ મે કટકે–કટકે બીજી રકમ આપી કુલ રકમ રૂ. ૭ લાખ આપેલા. છેલ્લે મે આરોપીને રકમ ૨ થી ૩ વર્ષ અગાઉ આપેલી હશે. આ મે આરોપીને ૪ લાખ તથા કટકે કટકે આપેલ રકમની કયાંય નોંધ કરેલ નથી. બીજી ત્રણ લાખની રકમ કેટલા કટકે ચુકવેલ તેની મને ખબર નથી. આ ફરીયાદમાં ૪ લાખ રૂપિયા આપેલ હોવાનો ઉલ્લેખ છે અન્ય ત્રણ લાખની રકમનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. મારા ભાઈનું નામ નાગાજણભાઈ છે. તેઓ પોરબંદર છાંયા વિસ્તારમાં રહે છે. એ વાતની મને ખબર છે કે મારા ભાઈ નાગાજણે આ કામના આરોપીના ભાઈ વીરુધ્ધ બે નેગો. ની ફરીયાદ કરેલી છે. હરીશભાઈ મારાભાઈ ના મીત્ર હોવાથી આરોપીના સંપર્કમાં આવેલ. હું આરોપીને પાંચ–સાત વર્ષથી ઓળખુ છુ.

વધુમાં, ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** હું એક જ બેંકમાં ખાતુ ધરાવુ છુ. મારી ખેતી માંથી જે કાંઈ આવક થાય તે આવક હું બેંકમાં જમા કરાવુ છુ. આરોપીએ જયારે રૂપિયા ૪ લાખની માંગણી કરેલ તેના બીજા દીવસે રકમ આપેલી. આ રકમ આપ્યા અંગેનો કોઈ લેખીતમાં કરાર કે લખાણ કરેલ નથી. જયારે આરોપી અમારી પાસેથી રકમ લઈ ગયેલ ત્યારે થોડાક સમયમાં પરત આપવા માટે કહેલ. થોડાક સમય એટલે થોડા મહીના અથવા થોડા વર્ષ માટે લઈ ગયેલ હોય તે હું કહી શકુ નહી. આરોપીને આપેલી રકમ મારા હાથ ઉપરની હતી બેંકમાંથી ઉપાડેલ નથી. આ ચાર લાખની રકમ મારી પાસે હાથ ઉપર હોવા અંગેનું કોઈ લેખીત આધાર રજુ કરી શકુ નહી. આ કામે જયારથી ઈન્કમ ટેકસ ભરવાનુ ચાલુ કરેલ ત્યાર થી લઈને પાંચ વર્ષ સુધીના આઈ.ટી.આર. રજુ કરવા માંગતો નથી. હાલની ફરીયાદ વાળો ચેક તથા અન્ય ચેક મને અલગ અલગ દીવસે આપેલા. આ ચાર લાખની રકમનો ચેક મને ૨૦૨૪ ની આસપાસ

આપેલ. બીજો ત્રણ લાખની રકમનો ચેક સને–૨૦૨૩ માં આપેલ. જયારે રકમ આપી અને ચેક આપ્યા ત્યારે અન્ય કોઈ વ્યકિત હાજર હતી નહી.

**ફરીયાદી એ હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** આ ફરીયાદનો ચેક તથા અન્ય એક ચેક તમોને નાગાજણભાઈએ આપેલા. મારે કોઈ બીલ્ડીંગ મટીરીયલ્સની કે ખેતીની કોઈ આવક ન હોય જેથી હું મારા ઈન્કમ ટેકસ રીટર્ન રજુ કરવા માંગતો નથી. આરોપીને ૪ લાખ તથા કટકે કટકે ત્રણ લાખની રકમ તમોએ આપેલી નથી. હાલની ફરીયાદ વાળો તથા અન્ય ચેક મારા ભાઈ નાગાજણે આરોપીના ભાઈને વ્યાજે પૈસા આપેલા હોય અને તેઓએ સીકયોરીટી પેટે આ ચેક મેળવેલ હતો અને અમોએ બેંકમાં રજુ કરેલ હતો. પાંચ–છ વર્ષ પહેલા રૂા.૪ લાખ કોઈને ઉછીના આપવા માટે મારી કોઈ આર્થિક ક્ષમતા ન હતી. મારી કોઈ સ્વતંત્ર આવક ન હોય જેથી મારા વેપાર ધંધાના કોઈ આધાર પુરાવા આ કામે રજુ રાખેલ નથી. અમારા ભાઈ નાગાજણભાઈએ આરોપીના ભાઈ હરીશભાઈ ઉપર કરેલ નેગો. ની ફરીયાદમાં આરોપીના ભાઈને પોરબંદર નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હોય જેથી આરોપી તથા તેના ભાઈ પાસેથી રકમ પડાવી લેવાના હેતુથી હાલની ખોટી હકીકતો વાળી ફરીયાદ આપેલી છે. ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. આરોપી પાસે કોઈ કાયદેસરનું લેણુ નીકળતુ ન હોય તેમ છતા આરોપી વીરુધ્ધ બે ચેક રીટર્નની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદ મુજબની ૭ લાખની રકમ આરોપીને આપેલ ન હોય જેથી તે અંગેની હકીકત ફો.કે.નં. ૧૫૮/૨૫ ના કામે જણાવેલ નથી.

**(૧૦.૫).** આ કામે બન્ને પક્ષો નો રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, એ હકીકત ફલિત થાય છે કે આરોપી એ ફરીયાદી પાસે થી **<u>રૂા.૩,૦૦,૦૦૦/–</u>** ની માંગણી કરતા જે રોકડ રકમ ફરીયાદી એ કટકે કટકે આપેલ હતી. આમ આ બાકી રકમ પરત લેવા આરોપી પાસે માંગણી કરતા આરોપી એ ઈન્ડીયન ઓવરસીજ બેંક, પોરબંદર શાખાનો **<u>ચેક નં.૦૭૪૩૦૦</u>** <u>તા.૩૦/૦૭/૨૦૨૫</u> ના રોજ નો આપેલ હતો જે બેંક માં વટાવવા નાંખતા તે **અપુરતા ભુડોળ ના કારણે** પરત થયેલ હતો તેથી ડીમાંડ નોટીસ ફરીયાદી ની સુચના થી

વકીલ ધ્વારા આરોપી ને મોકલતા નોટીસ મળી ગયેલ છે તેની પોસ્ટ ની એકનોલેજમેન્ટ આ કામે <u>આંક–૧૧</u> થી રજુ છે.

ફરીયાદી **એ હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** આરોપીને ૪ લાખ તથા કટકે કટકે ૩ લાખની રકમ તમોએ આપેલી નથી. હાલની ફરીયાદ વાળો તથા અન્ય ચેક મારા ભાઈ નાગાજણે આરોપીના ભાઈને વ્યાજે પૈસા આપેલા હોય અને તેઓએ સીકયોરીટી પેટે આ ચેક મેળવેલ હતો અને અમોએ બેંકમાં રજુ કરેલ હતો.

આમ આરોપી રાજેશ નારણ કોટીયા એ ફરીયાદી પાસે કટકે કટકે થી રોકડ રકમ રૂા.૩,૦૦,૦૦૦/– હાથ ઉછી ના લીધેલ હતા અને નાણાંકીય વ્યવહાર ફરીયાદી એ પોતે કરેલ હતુ અને અને આરોપી ને પ્રથમ ડીમાંડ નોટીસ નો તેઓ એ કોઈ જવાબ આપેલ નથી તેથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ (એ) મુજબ ફરીયાદી ના પક્ષ માં કોર્ટ અનુમાન કરી શકે છે કે આ ચેક આરોપીએ ફરીયાદી ને કાયદેસર ના લેણા ચુકવવા પટે આપેલ હતો અને આ હકીકત નો કોઈ ખંડનાત્મક પુરાવો બચાવપક્ષે રજુ કરેલ નથી કે પુરાવા થી ફરીયાદી ની ઉલટ તપાસ થી આ અનુમાન નો ખંડન થયેલ હોવા ની હકીકત આ કામે જણાતી નથી.

વધુમાં આ કામે આરોપી ને ડીમાંડ નોટીસ તેમના સાચા સરનામે મોકલેલ હતી તે નોટીસ મળ્યા બાદ કોઈ જવાબ રજુ કરેલ નથી તેમજ પોસ્ટ ની પહોંચ **<u>આંક–૧૧ થી</u>** રજુ છે તે સાચા સરનામે બજેલ હોવા નુ અનુમાન **જનરલ કલોજેસ એકટ ની કલમ–૨૭ મુજબ** ન્યાયાલય કરી શકે છે અને આ હકીકત વિરૂધ નો કોઈ પુરાવો બચાવપક્ષ એ રજુ કરેલ નથી.

આમ સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ના **Rajubhai Kalidas Chunara Versus Kantibhai Kalyanjibhai Shah, 2026 (0) JX(Guj) 346.** Hon'ble High Court of Gujarat has held that;

[6.0] Having heard learned advocates appearing for respective parties and perusing the record, it appears that the cheques in question are produced at Exh.16, return memo is produced at Exh.18, demand notice is produced at Exh.19, post acknowledgement slip is produced at Exh.20, closis purshis is produced at Exh.43

and further statement of accused under Section 313 of the CrPC was recorded wherein the applicant – accused pleaded not guilty. The applicant accused in his further statement has stated that the transaction took place in the year 1998 and in the cross-examination (Exh.9), the suggestion was put to the complainant that before filing the complaint, the accused had repaid the amount. Further, the statement of the accused shows that he had no knowledge as to in which year the cheques were issued and how many cheques were issued to the complainant and cheques of which bank were returned by the complainant to the applicant – accused. Further, he has also denied the receiving of notice and handover of the cheques. He has also submitted that he was doing the job with the complainant and he came in contact of the complainant and there was a relation of taking hand loan and he used to take hand loan since 1998 and at that time, complainant did not demand any interest but when accused has paid more amount then the complainant demanded 20% interest. Further, he has stated that complainant has misused the cheque and filed false complaint and he does not know as to how many cheques and of which bank cheques the complainant has returned to him. Perusing the said defence, prima facie, it appears that there was transaction of money between the complainant and accused. So far as issuance of statutory notice is concerned, if the notice is issued on the proper address, as mentioned in the notice, then the same is governed by presumption under Section 27 of the General Clauses Act. In criminal case, criminal appeal and criminal revision application also, same address of the applicant – accused is mentioned and hence, is governed by presumption under Section 27 of the General Clauses Act. Learned trial Court has also dealt with the said contention in light of decision of Hon'ble Supreme Court in the case of **C.C. Alavi Haji vs. Palapetty Muhammed & Anr. reported in 2007(2) GLH 512** . Herein, mere denial is on record but failed to prove the fact that the notice was not served. Even if for the sake of argument it is accepted that notice was not received, but he has not disputed about the service of summons and after service of summons before the learned trial Court, failed to make good or deposit the amount of cheque or raised such defence and in light of

section 138(b)(c) of the NI Act, failed to show the benefit. In view of above, argument canvassed by the learned advocate for the applicant – accused for non-service of notice is not accepted.

[6.1] Herein, admission of signature on the cheque is proved and is not in dispute and hence, is governed by presumption under Section 118 and 139 of the NI Act and is required to be rebutted by the accused by leading evidence for which it is always not necessary to prove by leading the evidence but is based on preponderance of probabilities also. Hence, in view of the law laid down by the Hon'ble Apex Court in the case of **Tedhi Singh v. Narayan Dass Mahant reported in (2022) 6 SCC 735 and Kalamani Tex v. P. Balasubramanian, reported in (2021) 5 SCC 283** , wherein the effect of admission regarding the signature on the cheque is explained, once the signature is admitted, it is required to be presumed that the cheque was issued towards consideration for a legally enforceable debt. Further, once signature is accepted then cheques were issued towards the security and it were signed. As per explanation of legal position on how to rebut the presumption under Section 139 of the NI Act and to raise the presumption under Section 139 of the NI Act, the Hon'ble Apex court clearly explained in the case of **Rajesh Jain v. Ajay Singh, in (2023) 10 SCC 148.**

[6.2] Herein, the cheques are returned due to insufficiency of funds for which legal notice was issued and thereafter the complaint is filed and cause of action and filing of complaint is not in dispute. The only dispute raised in light of section 56 of the NI Act is that no any endorsement being made though part-payment of Rs.12,000/- was made. Perusing the evidence, it appears that the complainant has denied the said fact and it appears that more than one transaction was found and the complainant and accused both were in contact with each other since 1995 to 1996 and it is an admitted position that money transactions between accused and complainant were there since 1998. The cheques for amount of Rs.1,50,000/- and Rs.2 lakh are produced at Exh.16 both of which came to be dishonored on 13.08.2012. If we peruse the averments made in para 2 of the complaint, amount of Rs.12,000/- (Rs.5000 in April, 2012 + Rs.7000 in May, 2012) is paid and the

cheques are issued in the month of August, 2012 i.e. after four months. If we consider the provision of section 118 of the NI Act, instruments bear the signature and date on which it was drawn. Hence, same is governed by presumption and considering more than one transaction, when the cheques are issued subsequently on 13.08.2012, same is governed by presumption under Sections 118 and 139 of the NI Act, once signature is admitted. The fact that there were more than one transactions and though some amount was paid in April and May, 2012, the applicant – accused failed to prove that said amount was towards which instrument. Hence, no any evidence is brought on record by the accused which reflects that the part- payment of the debt prior to presentation of cheques for encashment of cheques or liability being done. What the instruments in question reflect is that same were issued towards payment of Rs.3,50,000/- i.e. Rs.1,50,000/- and Rs.2,00,000/- however, nothing is on record to show that there was part-payment being made after issuance of notice or prior to the presentation of cheques. Hence, applicant – accused is not entitled to get the benefit of section 56 of the NI Act also and there is no need to make any endorsement under Section 15 of the NI Act or no requirement to record any part-payment as cheques are subsequently issued after the transactions of April and May, 2012. Hence, as on the date of issuance of cheques, there was a legally enforceable debt and sum of money was promised to be paid by the applicant – accused to the complainant. Hence, argument canvassed by the learned advocate for the applicant – accused is not accepted in light of the decision of Hon'ble Supreme Court in the case of Dashrathbhai Trikambhai Patel vs Hitesh Mahendrabhai Patel, (2023)1 SCC 578 .

[7.0] In wake of aforesaid conspectus, present revision application fails and stands dismissed. Rule is hereby discharged. Interim relief granted earlier stands vacated forthwith. The applicant – accused to forthwith surrender before the learned trial Court to serve the remaining sentence, if any.

**(૧૦.૬). (ક).** બચાવપક્ષ એ દલીલ માં વાંધો લીધેલ છે કે ફરીયાદી એ આરોપી ને આપેલ નાણાં અંગે નો આઈ.ટી.આર. રજુ કરેલ નથી કે નાણાંકીય ક્ષમતા હોવા નો કોઈ પુરાવો રજુ

કરેલ નથી પરંતુ આ દલીલ બચાવપક્ષ ને મદદરૂપ થતી નથી કારણ કે આંક–૫ લગત ફરીયાદી ઉલટ તપાસ માં ફરીયાદી એ ખેતી થી તથા બીલ્ડીંગ મટીરીયલ ના ધંધા થી ૫૦ થી ૬૦ હજાર માસિક કમાવે છે અને તેઓ પાંચ થી છ વરસ થી આઈ.ટી.આર. ભરે છે તેથી આઈ.ટી.આર. રજુ કરેલ ન હોવા માત્ર થી ફરીયાદી ની નાણાંકીય ક્ષમતા નથી તે હકીકત માની શકાય નહી તેમજ આ **ત્રણ લાખ** ની રકમ આરોપી ને હાથ ઉછી ની આપેલ હતી તેથી ફરીયાદી ની નાણાંકીય ક્ષમતા હોવાની હકીકત માની શકાય તેમ છે. વધુમાં દરેક કેસ માં આઈ.ટી.આર. નો પુરાવો રજુ કરવો જરૂરી નથી તે હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ધ્વારા **K. S. & Co.Through Sakabhai @ Sankabhai Prabhatbhai Desai Vs State Of Gujarat , 2026 (0) AIJEL-HC 253085.** Hon'ble High Court of Gujarat has held that;

9. Reliance placed by the learned advocate for the appellant on Hiten Parekh (supra) is of some substance. In the said case, after the conviction of an accused under the provisions of **Section 138 of the Negotiable Instruments Act, 1881** , the appellate Court had overturned the said conviction, citing that the original complainant had totally failed in discharging the initial burden of proving that there was legally enforceable debt, as the original complainant (of that case) did not produce any cogent proof such as books of accounts, accounts notebook, income-tax report, income-tax return, audit report, audit book etc. The said finding came to be overturned by this Court, in the said case of Hiten Parekh (supra), by holding that as documentary evidences, such as the debit entries, copy of ledger with details of all financial transactions having taken place before the Trial Court, therefore, the view that the complainant, in that case, has miserably failed to produce cogent proof, more particularly, the documents such as income tax returns/reports, was held to be unsustainable.

10. Taking cue of the aforesaid ratio laid down by this Court, in the present case too, the directions of the trial Court in directing production of income-tax returns is de hors any reasoning or logic. As to how the income-tax returns are relevant for the purposes of deciding the said proceedings is not borne out from the

impugned order. Clearly, the income tax returns, cannot disclose the right of the Petitioner to charge interest. Nor can it the same demonstrate the aggregate outstanding due to the Petitioner from the Complainant. However, at this stage this Court does hold that the direction to produce other documents, such as the documents pertaining to the authority of the Petitioner to charge interest etc, or the documents maintaining the accounts of the Complainant are indeed germane to the dispute before the Trial Court. Hence, this Court is inclined to grant the prayer as prayed for in the present proceedings, more particularly, at prayer clause 8(A) albite, only so far as it pertains to the quashing of impugned orders dated 27.10.2016 and 29.05.2017, to the extent that it directs production of certified copy of income tax returns.

**(ખ).** બચાવપક્ષ એ દલીલ કરેલ છે કે આ કામે રજુ **આંક–૦૮ ના ચેક** મા રકમ તથા અન્ય વિગતો જુદા હસ્તાક્ષર લેખન માં લખેલ છે જયારે સહી જુદા પેન તથા હસ્તાક્ષર લેખન માં છે અને તે અક્ષરો જુદા જુદા હોવા નુ જણાય છે તેમજ નાગાજણભાઈ જે ચેક ના કેસ પોરબંદર કોર્ટ માં કરેલ હતા તેના અક્ષર તથા આ ચેક ના અક્ષર એક સરખા જણાય છે તેથી રજુ ચેક શંકાસ્પદ જણાય છે પરંતુ ચેક માં વિગત અન્ય સ્યાહી (Ink) ઘટ સ્યાહી થી કે અક્ષર જુદા હોવા માત્ર થી તે નાણાંકીય વ્યવહાર થયેલ નથી તે હકીકત માની શકાય નહી અને બચાવપક્ષે એવો બચાવ નથી લીધેલ કે ચેક માં મારી સહી નથી. વધુમાં કોઈ પણ વ્યકિત ધ્વારા હસ્તાંક્ષરીત બ્લેન્ક ચેક અન્ય વ્યકિત સોપવામાં આવે તો તે કાયદેસરના લેણા પેટે આપેલ છે તેવુ આ વટાઉખત કાયદાની કલમ–૧૧૮ (એ) તથા કલમ–૧૩૯ ની જોગવાઈયો મુજબ અનુમાન થતુ હોય છે.

નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા **Bir Sing Vs Mukesh Kumar (Criminal Appeal No. 230-231 of 2019** માં એવુ ઠરાવેલ છે કે જયારે કોઈ પણ વ્યકિત ધ્વારા હસ્તાક્ષર કરી ખાલી ચેક સ્વૈચ્છાએ જેની પાસેથી નાણા લીધા હોય તેને સોંપવામાં આવે અને ત્યારબાદ ચેકનો કબ્જો ધરાવનાર વ્યકિત તેમાં રકમ તથા બીજી વિગતો ભરી દેવા માત્રથી તે ચેક કાયદા વિરૂધ્ધ છે કે અમાન્ય છે તેમ કહી શકાય નહી અને બ્લેન્ક ચેકની

હકીકતો ભરવા માત્રથી તે ચેકમાં તાત્વીક પરીવર્તન (Material Alteration) કરેલ હોય તેવુ બચાવ લઈ શકાય નહી.

(ગ). બચાવપક્ષ એ સી.આર.પી.સી. કલમ–૩૧૩ ના નિવેદન લગત જણાવેલ છે કે આ કામે રજુ **<u>આંક–૦૮</u>** ના ચેક અંગે નો કોઈ પણ નાણાંકીય વ્યવહાર થયેલ નથી આ ચેક નો થર્ડ પાર્ટી ફરીયાદી ના ભાઈ નાગાજણભાઈ ખુંટી પાસે રહેલ હોવા થી દુરુપયોગ કરી ફરીયાદી એ ખોટી ફરીયાદ કરેલ છે અને પોરબંદર કોર્ટ ના મહે. એડી. ચીફ જ્યુડી કોર્ટ ના સી.સી.કેસ નં.૩૧૧/૨૦૧૯, સી.સી. કેસ નં.૩૧૨/૨૦૧૯ ના ફરીયાદી નાગાજણભાઈ ખુંટી અને આ કેસ ના ફરીયાદ સગા ભાઈ થાય છે અને આ બન્ને કેસ માં આરોપી નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હોવા થી ફરીયાદી ના ભાઈ નાગાજણભાઈ પાસે સિક્યુરીટી પેટે પડેલ ચેક નો આ કેસ ના ફરીયાદી એ ખોટી હકીકતો ભરી બેંક માં રજુ કરી આ ખોટો કેસ કરેલ છે પરંતુ આ બચાવ માં અને દલીલ માં તથ્ય નથી કારણ કે ફરીયાદી આરોપી ને પાંચ છ વરસ થી ઓળખે છે તેમજ ફરીયાદી એ ઉલટ તપાસ માં એ હકીકત નો ઈન્કાર કરેલ છે કે <u>“ આ ફરીયાદનો ચેક તથા અન્ય એક ચેક તમોને નાગાજણભાઈએ આપેલા. હાલની ફરીયાદ વાળો તથા અન્ય ચેક મારા ભાઈ નાગાજણે આરોપીના ભાઈને વ્યાજે પૈસા આપેલા હોય અને તેઓએ સીકયોરીટી પેટે આ ચેક મેળવેલ હતો અને અમોએ બેંકમાં રજુ કરેલ હતો.</u>

વધુમાં આ કામે રજુ પોરબંદર કોર્ટ ના મહે. એડી. ચીફ જ્યુડી કોર્ટ ના સી.સી.કેસ નં.૩૧૧/૨૦૧૯, સી.સી. કેસ નં.૩૧૨/૨૦૧૯ ના કેસ માં આરોપી ના પુરાવા માં અન્ય ચેક પણ ફરીયાદી ના ભાઈ નાગાજણભાઈ પાસે સિક્યુરીટી પટે પડેલ છે તે હકીકત જણાવેલ નથી કે આ અંગે કોઈ જુદી ફરીયાદ આરોપી એ કરેલ નથી કે કોઈ નોટીસ આપેલ નથી કે આ કેસ ની ડીમાંડ નોટીસ નો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી. આમ આરોપી ના ચેક નો કોઈ પણ થર્ડ પરસન (નાગાજણભાઈ દેવાભાઈ ખુંટી) એ તેમના ભાઈ હરીશ દેવા ખુંટી એટલે કે આ કેસ ના ફરીયાદી ને આપી ને દુરુપયોગ કરી તેમા વિગતો ભરી ખોટી ફરીયાદ કરેલ હોવા ની હકીકત ને સમર્થન મળતો નથી.

**(૧૦.૭).** આમ ઉપરોકત પુરાવો, નામદાર વડી અદાલત ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધાંતો મા ઠરાવ્યા મુજબ આરોપી એ તેમનો **ઈન્ડીયન ઓવરસીઝ બેંક, પોરબંદર શાખા નો ચેક નં.૦૭૪૩૦૦, તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ નો રકમ રૂા.૩,૦૦,૦૦૦/– નો** ફરીયાદી ને તેઓએ હાથ ઉછી ની રકમ આપેલ હતી તે રકમ પરત કરવાના કાયદેસર એવજ પેટે આપેલ છે અને સદર **આ તકરારી ચેક** કાયદેસર ના લેણા ની ચુકવણી ની જવાબદારી પેટે આપેલ હોવાનો અને આવો ચેક **અપુરતા ભંડોળ ના કારણે** પરત થયેલ હોવાનું પુરવાર થાય છે જે હકીકત ધ્યાને લઈ મુદા નંબર ૧ નો જવાબ હકારમાં આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

આ કામના આરોપી **રાજેશભાઈ નારણભાઈ કોટીયા રહે–પોરબંદર** ને તેઓ વિરૂધ્ધ આરોપવામાં આવેલ **ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબ** શિક્ષાને પાત્ર કૃત્ય બદલ બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ ૨૭૮ (૨) મુજબ કસુરવાર ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

કામ,આરોપીને સજા બાબતે સાંભળ્યા માટે મુલ્તવી.

હુકમ આજરોજ **તા. ૦૪ થી માહે–મે, સને–૨૦૨૬** ના રોજ આરોપી તથા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી, સંભળાવી ને જાહેર કર્યો.

**તા.૦૪/૦૫ /૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ:– રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક.),રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO.GJ01439.**

## સજા બાબતે પક્ષકારો ના વકીલ શ્રી ને સાંભળ્યા

**(૧૧).** આ કામના ફરીયાદ પક્ષના વિ.વકીલ શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી વિરૂધ્ધ તેઓએ નિશંકપણે કેસ પુરવાર કરેલ છે, જેથી તેઓને કાયદામાં ઠરાવેલ પુરેપુરી સજા કરી વળતર અપાવવો જોઈએ. જયારે આરોપી ના વિ.વકીલ શ્રી ધ્વાારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી વિરૂધ્ધ નોંધાયેલ આ એક માત્ર કેસ છે તેમની વિરૂધ નેગો ના કેસ થયેલ નથી તેમજ તેમના પરીવાર ની (માતા, પત્ની, દીકરી) જવાબદારી તેમના પર તેથી ઓછી સજા કરવી જોઈયે.

આ કામે આરોપી અધિનિયમની કલમ–૧૩૮ ના ગુનાના કામે તકસીરવાન ઠરેલા છે, આપણે જાણીએ છીએ તેમજ વાંચીએ છીએ તે મુજબ દિન પ્રતિદિન લોકો બેંક ખાતા માં રકમ ન હોવા છતા લેણા પેટે ચેક આપવાનું વધારે પસંદ કરે છે તેવા કારણસર આવા ગુનાઓ ની ઉતરોતર વૃધ્ધિ થવા પામી છે, કાયદાનો હેતુ અને ઉદેશ ધ્યાનમાં લેતા આરોપીએ **રૂા.૩,૦૦,૦૦૦/– ની** રકમનો ચેક ફરીયાદીને હાથ ઉછી ના લઈ ને તે પરત કરવાના કાયદેસર એવજ પેટે આપેલ છે જે ચેક **અપુરતા ભંડોળ ના કારણે** પરત ફરેલ છે તેવા સંજોગોમાં હું આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિ. પ્રો. કોડની કલમ–૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો આર્થિક ગુનાઓ માં ન્યાયસંગત તથા વ્યાજબી જણાતુ નથી. આમ આરોપી ને કલમ – ૧૩૮ ના ગુના પ્રમાણે કેદની સજા ૨ વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે તેમ છે પરંતુ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૯ (૨) અન્વયે પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટની દંડ કરવાની જે સતા છે તેના પર એક મર્યાદા મુકવામાં આવી છે.

**(૧૨).** આમ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ ત્રણ વરસ સુધીની શિક્ષા તથા રૂા.૧૦,૦૦૦ થી વધુ દંડ કરી શકે નહી. તેમજ મેજીસ્ટ્રેટનો એવો અભીપ્રાય હોય કે આરોપીને જુદા પ્રકારની વધુ સજા કરવી જરુરી હોઈ તો મેજીસ્ટ્રેટ આરોપીને મહે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૨૫ (૧) હેઠળ કેસ મોકલી આપસે અને તેમને યોગ્ય લા

ગે તેવી સજા કે હુકમ કરતો ચુકાદો મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કલમ–૩૨૫ (૩) મુજબ આપશે. તે સીવાય મેજીસ્ટ્રેટને જો યોગ્ય લાગે કે ફરીયાદીને થયેલ નુકશાન માટે વળતર આપવુ છે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ નો આસરો લઈ શકશે આ બાબતની ચર્ચા **ભાસ્કરણના કેસમાં** પણ નામદાર અદાલતે કરેલ છે એ યાદ રાખવુ જોઈએ કે અદાલતે કોડની કલમ–૩૫૭ (૩) ની જોગવાઈઓ નો ઉદારતા પૂર્વક લાભ આપવો જોઈએ પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત આવી વળતરની રકમ નકકી કરતી વખતે મજીસ્ટ્રેટે એવી વીચારણા કરવાની છે કે, ફરીયાદીને વળતર ચૂકવવા અંગે એવોર્ડ કરવાની સતા છે આમ જ્યારે મેજીસ્ટ્રેટને લગો કે ફરીયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશ્નો ટ્રાયલ કોર્ટે વિચારવાના છે.

**(૧૩).** આ બાબત પર મેજીસ્ટ્રેટ ફરીયાદી અને આરોપીને સાંભળી વ્યાજબી વળતરની રકમ નકકી કરી શકશે. **Dilip Vs Kotak Mahindra Company Ltd, 2008 (1) Mh.L.J. 22**, "it was enunciated that the amount of compensation sought to be imposed must be reasonable and not arbitrary." વધુમાં **પંકજભાઈ નગીનભાઈ પટેલ વાળા કેસમા** ૭૫ ટકા જેટલી રકમ વળતર તરીકે ફરીયાદીને ચુકવી આપવાનો નામદાર સર્વોચ્ચ અદાલતે હુકમ કરેલ છે તે લક્ષમાં લેતા આ કામે આરોપીએ રૂા.૩,૦૦,૦૦૦/– નો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક પરત થયેલ છે, ફરીયાદીની રજુઆત અને આરોપીની પરીસ્થીતી ધ્યાને લેતા ફરીયાદીને વળતર તરીકે રૂા.૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા વળતર તરીકે આપવામાં આવે તો તે બધી જ રીતે ન્યાયી, વ્યાજબી અને વ્યવહારુ જણાઈ આવે છે. પક્ષકારોની રજુઆતો તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, આરોપી વિરૂધ્ધ જે રકમનો ચેક રીટર્ન થયાની ફરીયાદ છે અને સબબ ફરીયાદ હકીકત ફરીયાદપક્ષે નિશંકપણે પુરવાર કરેલ છે તેમજ

આરોપીએ કરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, આ કેસ નો ન્યાયીક અંત સારુ મુદદા નં.૨ લગત ન્યાયનાં હીતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરું છું.

**-: આખરી હુકમ :-**

--આ કામના આરોપી **રાજેશભાઈ નારણભાઈ કોટીયા રહે-પોરબંદર વાળા ને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૮ (૨)** મુજબ તેઓ વિરૂધ્ધ આરોપવામાં આવેલ ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કુત્ય કરવા બદલ કસુરવાર ઠરાવી ને ૨ વરસની સખ્ત કેદની સજા અને રૂા.૫૦,૦૦૦/- (રૂા. પચાસ હજાર પુરા) દંડ નો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો ૬ માસની વધુ સખ્ત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

--ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૭ મુજબ ફરીયાદીને વળતર પેટે રૂા.૨,૦૦,૦૦૦/- ખાસ વળતર તરીકે આરોપીએ ક્રિમીનલ મેન્યુઅલ પેરા-૨૦૯ મુજબ અલગ થી દિન-૩૦માં ચુકવી આપવાનાં રહેશે.

--આરોપી જામીન મુકત હોઈ તેઓને કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

--બી.એન.એસ.એસ. ની કલમ-૪૦૪ અન્વયે હુકમની એક નકલ સુપ્રીટેડેટશ્રી એ વિના મુલ્યે તાત્કાલીક આરોપીને આપવી.

હુકમ આજરોજ **તા.૦૪ થી માહે-મે, સને-૨૦૨૬** ના રોજ આરોપી તથા તેમના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી, સંભળાવી ને જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.05.04 13:13:23 +0530

**તા.૦૪/૦૫ /૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ:- રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક.),રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO.GJ01439.**